ગુજરાત સમાચાર , પાના નંબર :- ૨૦

તારીખ :- ૦૮/૦૨/૨૦૨૬

મુસાફરો માટે સ્પેશિયલ પેપર ટિકિટ જારી કરાઈ

# વર્લ્ડકપ : અમદાવાદમાં મેટ્રો ટ્રેન રાત્રે ૧૨:૩૦ સુધી દોડાવાશે

અમદાવાદ,શનિવાર

અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ટ્વેન્ટી૨૦ વર્લ્ડકપની ૭ જેટલી મેચ યોજાશે.અમદાવાદમાં યોજાનારી વર્લ્ડકપની ડે-નાઇટ મેચ દરમિયાન મેટ્રો ટ્રેન રાત્રે ૧૨:૩૦ સુધી દોડાવાશે.

## અમદાવાદમાં ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપના લીગ રાઉન્ડની ચાર, સુપર-સિક્સની બે મેચ યોજાશે

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદમાં ૯, ૧૧, ૧૪, ૧૮, ૨૨, ૨૬ ફેબ્રુઆરીના લીગ રાઉન્ડ તેમજ સુપર સિક્સ રાઉન્ડની મેચ યોજાશે. ૮ માર્ચની ફાઈનલ પણ અમદાવાદમાં યોજાઇ શકે છે. આ મેચ દરમિયાન અમદાવાદ-ગાંધીનગરમાં મેટ્રો ટ્રેન સેવાઓને માત્ર મેચના દિવસો માટે જ મધ્યરાત્રિના ૧૨:૩૦ સુધી લંબાવવા નિર્ણય કરાયો છે. અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવા હાલ સવારે ૬:૨૦થી રાત્રિના ૧૦ સુધી જ્યારે ગાંધીનગર કોરિડોરમાં મોટેરા સ્ટેડિયમ-મહાત્મા મંદિર વચ્ચે સવારે ૭:૩૦થી રાત્રિના ૭:૪૦ સુધી કાર્યરત્ રહે છે. રાત્રિના ૧૦થી મધ્યરાત્રિના ૧૨:૩૦સુધી લંબાવેલા સમયમાં મુસાફરો માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન, સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં

### અમદાવાદમાં યોજાનારી ટી-૨૦ વર્લ્ડકપની લીગ મેચ

| તારીખ | મેચ | સમય |
|---|---|---|
| ૯ ફેબ્રુ. | દ.આફ્રિકા વિ. કેનેડા | સાંજે ૭ |
| ૧૧ ફેબ્રુ. | દ.આફ્રિકા વિ. અફઘાન | સવારે ૧૧ |
| ૧૪ ફેબ્રુ. | દ.આફ્રિકા વિ. ન્યૂઝીલેન્ડ | સાંજે ૭ |
| ૧૮ ફેબ્રુ. | ભારત વિ. નેધરલેન્ડ્સ | સાંજે ૭ |
| ૨૨ ફેબ્રુ. | સુપર-૮ | સાંજે ૭ |
| ૨૬ ફેબ્રુ. | સુપર-૮ | બપોરે ૩ |

(અનુસંધાન ૪થે પાને)

અનુસંધાન પાના નંબર :- ૦૪ પર

### વર્લ્ડકપ : અમદાવાદમાં

(છેલ્લા પાનાનું ચાલુ)

બેસી શકશે. મોટેરા સ્ટેડિયમથી એપીએમસી તથા વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ પરના કોઈપણ કાર્યરત્ મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરી શકશે. વર્લ્ડકપમાં મુસાફરો માટે સ્પેશિયલ પેપર ટિકિટ પણ બહાર પડાઇ છે.